ઈન્ડોનેશિયામાં ભૂંકપ : ભારત સહિતના ૨૮ દેશો હચમચી ઊઠયા

જાકાર્તા,તા. ૧૧

ઈન્ડોનેશિયામાં આજે ફરી એકવાર પ્રચંડ ભૂંકપના કારણે ભારત સહિતના અનેક દેશો હચમચી ઉઠ્યા હતા. ઈન્ડોનેશિયામાં શક્તિશાળી ભૂંકપ બાદ સુનામીની ચેતવણી જારી ચેતવણી જારી કરવામાં આવી હતી. અનેક વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા હતા. અમેરિકાના જિયોલોજિકલ સર્વેના જણાવ્યા મુજબ ઉત્તરીય સુમાત્રામાં આવેલા ભૂંકપથી તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૮.૬ હતી. જો કે પહેલા કહેવામાં આવ્યું હતું કે તીવ્રતા ૮.૭ હતી. પરંતુ મોડેથી આંકડામાં સુધારા કરવામાં આવ્યા હતા. ભૂંકપ બાદ ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ,શ્રીલંકા સહિતના અનેક દેશોમાં સુનામીની ચેતવણી પ્રાથમિક રીતે જારી કરીને લોકોને સાવધાન રહેવા કહેવામાં આવ્યું હતું. અનેક દેશોમાં સુનામીના મોજા ઉછળવાની ચેતવણી જારી કરવામાં આવી હતી. સુનામીની ચેતવણી અમેરિકાના પ્રશાંત મહાસાગર સુનામી કેન્દ્ર દ્વારા પણ જારી કરવામાં આવી હતી. અનેક દેશોની ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થાઓ પણ આવી ચેતવણી જારી કરી હતી. ઈન્ડોનેશિયાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થાએ કહ્યું છે કે દેશના આચેહ વિસ્તારમાં વિજળી ડુલ થઈ ગઈ છે, લોકો ઉંચા સ્થળો પર જમા થઈ ગયા છે. એજન્સીના પ્રવક્તાએ કહ્યું હતું છે કે ઉંચ સ્થળો પર પહોંચી જવા માટે લોકોમાં ભાગદોડ જોવા મળી હતી. જેથી ટ્રાફીક જામની પણ સ્થિતી સર્જાઈ હતી. સાઈરનોના અવાજ ચારે બાજુ સંભળાયા હતા. મસ્જીદોમાં કુરાનના અવાજ સાંભળવા મળ્યા હતા. સમાચાર સંસ્થાએ કહ્યું હતું કે અમેરિકાના સુનામી સેન્ટરે કહ્યું હતું કે આટલી તિવ્રતાના ભૂકંપથી વિનાશકારી સુનામી આવી શકે છે. વર્ષ ૨૦૦૪માં હિંદ મહાસાગરમાં ભૂકંપ બાદ સુનામીના કારણે આચેય પ્રાંતમાં એક લાખ ૭૦ હજાર લોકોના મોત થયા હતા. ફુકેટમાં થાઈલેન્ડના ડિઝાસ્ટર મેનેજમેન્ટે કહ્યું હતું કે હોટેલમાં રહેતા લોકોને સાવધાન રહેવા માટે કહ્યું છે. ઈન્ડોનેશિયા ઉપરાંત ભારત, શ્રીલંકા, થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપુર, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને સોમાલિયા સુધી સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી.બેંગકોકથી પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રચંડ ધરતીકંપ બાદ દરિયાકાંઠાના વિસ્તારમાં રહેતા લોકોને અન્યત્ર જતા રહેવાની સુચના આપવામાં આવી હતી. થાઈલેન્ડના નેસનલ ડિઝાસ્ટર વોર્નિંગ સેન્ટરે ઉંચાણવાળા વિસ્તારમાં જતા રહેવા લોકોને સુચના આપી હતી. અંદામાન દરિયા કાંઠાના વિસ્તારમાં રહેતા લોકોને પણ આવી જ સલાહ આપવામાં આવી હતી. શ્રીલંકામાં પણ દહેશત રહી હતી. અગાઉની જેમ અહીં પણ ચેતવણી જારી કરાઈ હતી. દરમિયાન ઓરિસ્સામાં પણ આંચકો આવ્યો હતો. જો કે ભારતે સુનામીની ચેતવણી પાછી ખેંચી લીધા બાદ તંત્રને રાહત થઈ હતી. ઓરિસ્સાના જુદા જુદા ભાગોમાં લોકોએ આંચકો અનુભવ કર્યો હતો. કોઈ પણ જગ્યાએ નુકસાનના અહેવાલ મળ્યા નથી.

કરવામાં આવતા વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ભૂંકપ બાદ શક્તિશાળી આફ્ટરશોક્સનો દોર જારી રહ્યો હતો જેથી લોકોને કોઈ રાહત મળી ન હતી. જો કે વિનાશકારી ભૂંકપમાં જાનમાલનું નુકસાન ટળી જતા તંત્રે મોટી રાહત અનુભવી છે. ઈન્ડોનેશિયામાં ધરતીકંપ બાદ ઉત્તરીય આચે પ્રાંતમાં સુનામીની

ઇન્ડોનેશિયામાં ભૂકંપ બાદ દેશમાં પણ હળવા આંચકા

ઈન્ડોનેશિયામાં પ્રચંડ ધરતીકંપ બાદ આજે ભારતના અનેક ભાગોમાં પણ આંચકા અનુભવાયા હતા. જેની તીવ્રતા ઓછી હોવા છતાં લોકોમાં વ્યાપક દહેશત જોવા મળી હતી. કોલકત્તાથી પ્રાપ્ત અહેવાલ મુજબ શહેરના પાર્ક સ્ટ્રીટ વિસ્તારમાં કેટલીક ઈમારતોમાં તિરાડો પડી ગઈ હતી. શહેરમાં બપોરે મેટ્રો સેવાઓને રોકી દેવામાં આવી હતી. જો કે સુનામીની ચેતવણીને મોડેથી ઉઠાવી લેવામાં આવી હતી. હૈદરાબાદના સુનામી ચેતવણી સેન્ટરે કહ્યું હતું કે દરિયામાં થઈ રહેલી હિલચાલ પર તેમની ચાંપતી નજર છે. હાલમાં દરિયાઈ જળસપાટીમાં કોઈ ખતરનાક ફરફાર થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં પણ આંચકો અનુભવાયો હતો. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈથી ૧૫૫ કિલોમીટરના અંતરે સ્થિત અરેબિયન દરિયામાં પણ ૩.૪ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આનુ કેન્દ્ર મુંબઈથી નજીક હતુ.

પ્રચંડ ભૂકંપની સાથે સાથે....

ઈન્ડોનેશિયામાં આજે પ્રચંડ ધરતીકંપ બાદ ફરી એકવાર વ્યાપક ફફડાટ વિશ્વના ડઝનથી વધારે દેશોમાં ફેલાઈ ગયો હતો. અનેક દેશોના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા સુનામીની ચેતવણી જારી કરી હતી. જો કે મોડેથી કેટલાક દેશોથી ચેતવણી ઉઠાવી લીધી હતી. ભૂકંપ સાથે સંબંધિત ઘટનાક્રમ નીચે મુજબ છે

- ઈન્ડોનેશિયમાં ૮.૬ની તીવ્રતાના પ્રચંડ ધરતીકંપ બાદ ઈન્ડોનેશિયા હચમચી ઉઠ્યુ
- ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, શ્રીલંકા, મલેશિયા સહિત ડઝનથી વધુ દેશોમાં સુનામીની ચેતવણી જારી કરાઈ
- અંદામાન નિકોબાર માટે પણ ચેતવણી જારી કરવામાં આવી
- ત્રણ સ્થળો પર સુનામીના મોજા ઉછળવાની ચેતવણીજારી કરવામાં આવી
- ભારતમાં પણ અનેક જગ્યાએ ભૂકંપના આંચકા અનુભવાય
- ભારતમાં કોલકત્તા, ચેન્નાઈ, બેંગલોર અને પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોમાં હળવા આંચકા
- કોલકત્તાના પાર્ક સ્ટ્રીટ વિસ્તારમાં કેટલીક ઈમારતોમાં તિરાડો પડી ગઈ
- કોલકત્તામાં ૨.૪૨ વાગે મેટ્રો સેવાને સાવચેતીના પગલારૂપે રોકી દેવામાં આવી
- ઈન્ડોનેશિયામાં અચેહ વિસ્તારમાં વીજળી ડુલ થઈ
- ઈન્ડોનેશિયામાં દહેશતના કારણે ઉંચાણવાળા વિસ્તારમાં જવા ભાગદોડ રહી જેથી અનેક જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતી સર્જાઈ
- ૨૦૦૪માં આવેલા વિનાશકારી ભૂંકપ અને ત્યારબાદના સુનામીના મોજાની યાદ તાજી થઈ
- થાઈલેન્ડના ફુકેટમાં મોટી સંખ્યામાં લોકોમાં વ્યાપક દહેશત જોવા મળી
- અમેરિકાના પ્રશાંત સુનામી સેન્ટરે અનેક દેશો માટે ચેતવણી જારી કરી
- ઈન્ડોનેશિયા ઉપરાંત, ભારત, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર, બાંગલાદેશ, પાકિસ્તાન અનેસોમાલિયામાં પણ ચેતવણી જારી કરવામાં આવી
- વિનાશકારી ધરતીકંપ છતાં કોઈ નુકસાન ન થતા વિશ્વના દેશોને મોટી રાહત થઈ છે

આરૂષી કેસમાં નુપૂર તલવાર સામે બિનજામીનપાત્ર વોરંટ

નવી દિલ્હી,તા. ૧૧

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આરૂષી-હેમરાજ હત્યા કેસમાં નુપુર તલવારને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે ગાઝિયાબાદમાં ખાસ સીબીઆઈ અદાલતે નુપુરની સામે બિન જામીનપાત્ર વોરંટ જારી કરતા ખળભળાટ મચી ગયો હતો. કોર્ટે બિન જામીનપાત્ર વોરંટ જારી કર્યુ હતું. કારણ કે નુપુર કોર્ટમાં ઉપસ્થિત રહી ન હતી. હવે સીબીઆઈ તેની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરે તેવી શક્યતા છે. અગાઉ દિવસમાં કોર્ટમાં નુપુર હાજર ન થતા સીબીઆઈએ તેની સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કરવા માટે કોર્ટમાં વિનંતિ કરી હતી. સીબીઆઈની વિનંતિને આખરે સ્વીકારી લેવામાં આવી હતી. તેના આદેશમાં ખાસ સીબીઆઈ જજે ભારપૂર્વક કહ્યું હતું કે અલ્હાબાદ હાઈકોર્ટે ૩૦ દિવસની અંદર ટ્રાયલ કોર્ટમાં ઉપસ્થિત રહેવા નુપુર તલવારને આદેશ કર્યો હતો. બીજી બાજુ તેની અરજીમાં સીબીઆઈએ કહ્યું હતું કે નુપુર સામે બિન જામીનપાત્ર વોરંટ જારી કરવાની જરૂર છે. કારણ કે નુપુર જાણી જોઈને કોર્ટમાં હાજર રહ્યા નથી. નુપુરના વકીલે કોર્ટમાં અરજી કરીને કહ્યું હતું કે ૨૯મી માર્ચના દિવસે સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ પક્ષોની દલીલોને સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો. ૨૭મી એપ્રિલ સુધી જવાબ આપવા માટે તમામ પક્ષોને ખાસ સુચના આપવામાં આવી હતી. આ જ કારણથી આ પ્રકારના સંજોગોમાં નુપુર તલવાર કોર્ટમાં ઉપસ્થિત થઈ શક્યા નથી. ૨૭મી એપ્રિલના દિવસે સુનાવણી બાદ સુપ્રિમ કોર્ટના તારણ સુધી વધુ તારીખ આપવા નુપુરના વકીલે વિનંતિ કરી હતી. આ કેસમાં હવે આગામી સુનાવણી ૧૪મી એપ્રિલના દિવસે હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાર વર્ષ જુના હત્યા કેસમાં નુપુર અને તેના પતિ રાજેશ તલવાર ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. મે ૨૦૦૮ના દિવસે તેમના નોઈડા નિવાસસ્થાને તેનુ ગળુ કપાયેલી હાલતમાં આરૂષીની લાશ મળી આવી હતી. મોડેથી મકાનની છત પરથી તેમના ઘરના નોકર હેમરાજની લાશ પણ મળી આવી હતી. ભારે હોબાળો થયા બાદ આ મામલાની તપાસ સીબીઆઈને સોંપી દેવામાં આવી હતી. સીબીઆઈ ગયા વર્ષે તેનો ક્લોઝર અહેવાલ સુપ્રત કર્યો હતો. જેમાં આરોપી તરીકે તલવારનુ નામ ન હતુ. જો કે ગાઝિયાબાદ ખાતેની કોર્ટે આગળ વધવાનો નિર્ણય કર્યો હતો. તલવાર દંપતિ સામે અનેક પુરાવા મળી આવ્યા હોવાનો દાવો મોડેથી કરવામાં આવ્યો હતો. આ મામલાએ ભારે ચર્ચા જગાવી હતી.

સત્યમેવ જયતે શોને લઈને આમિરની જોરદાર યોજના

મુંબઈ,તા. ૧૧

ફિલ્મો માટે આમિર ખાને પોતાની માર્કેટિંગ કુશળતા ખૂબ જ જોરદાર રીતે દર્શાવી દીધી છે. હવે ટીવી ઉપર પોતાની એન્ટ્રીને લઈને તે ખૂબ જ આશાવાદી અને આક્રામક બનેલો છે. પોતાના શો સત્યમેવ જયતે માટે તે જોરદાર પ્રચાર કરી રહ્યો છે. એવું જાણવા મળી રહ્યું છે કે એક દિવસના શોના પ્રમોશન પાછળ ૬.૫ કરોડ રૂપિયા ખર્ચ કરી દીધા છે. આ રકમ ખૂબ મોટી છે. સોમવાર સાંજે ૭ વાગ્યાથી લઈને મંગળવાર રાત્રે ૧૦ વાગ્યા સુધી તમામ બ્રોડકાસ્ટિંગ ચેનલો સાથે પ્રોમોઝ માટે સોદાબાજી થઈ ચૂકી છે. ચેનલ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે આમિર ખાન ફિલ્મોની જેમ જ આ શોને લઈને ખૂબ જ ઉત્સુક છે.

આમિર ખાને આના માટે નવી યોજના બનાવી છે. સૂત્રોના બાબત ઉપર વિશ્વાસ કરવામાં આવે તો ૨૭ કલાકમાં તમામ ચેનલ પર આમિરના શો માટે ૨૦૦૦ પ્રોમોઝ શૂટ કરવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં નિષ્ણાંતો આટલા સમયની કિંમત ૬.૫ કરોડ આંકી રહ્યા છે. કોઈપણ શોના પ્રમોટ માટે ચેનલે હજુ સુધી આટલી રકમ ક્યારેય પણ ખર્ચ કરી નથી. ટીવી ઈન્ડસ્ટ્રીના જાણકાર લોકોનું કહેવું છે કે આમિરનો દાવ હાઈ એન્ડ છે. કારણ કે સલમાન ખાન અને શાહરૂખખાનના શોના પ્રમોટ માટે શરૂઆતી સ્તરે ૨.૫ કરોડની રકમ ખર્ચ કરવામાં આવી છે. અલબત્ત ચેનલોને આમિર ખાન દ્વારા આટલી રકમ ખર્ચ કરવાને લઈને કોઈપણ આશ્ચર્ય નથી. કારણ કે આ શોના ગાળા દરમિયાન એડ સ્પેશ માટે ત્રણ ગણી રકમની ઓફર થઈ ગઈ છે. આમિર ખાને પહેલા તલાશ ફિલ્મની રજૂઆતને ૧લી જૂનથી ખસેડી દીધી છે. હવે ધૂમ-ઉના શૂટિંગમાં પણ વિલંબ છે. સત્યમેવ જયતેને લઈને આમિર ખાન જોરદાર ઉત્સાહિત છે.

આંધ્રમાં મોટી ભૂમિકા અદા કરવા માટે રાહુલ પૂર્ણ સજ્જ

નવી દિલ્હી,તા. ૧૧

આંધ્રપ્રદેશમાં કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકવા અને વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા પક્ષને વધુ વ્યવસ્થિત કરવાના હેતુસર હવે રાહુલ ગાંધીને મોટી જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને પુત્ર રાહુલ પણ પૂર્ણ વિશ્વાસ છે. ઉત્તરપ્રદેશમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં રાહુલ કોંગ્રેસને કોઈ સફળતા અપાવી શક્યા ન હતા પરંતુ આંધ્રપ્રદેશમાં પક્ષની સ્થિતીને મજબુત બનાવવા માટે ટુંક સમયમાં રાહુલને વિધીવત રીતે જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે. આંધ્રપ્રદેશમાં હાલના ઘટનાક્રમથી સોનિયા ગાંધી ચિંતિત દેખાઈ રહ્યા છે. વાયએસ રાજશેખર રેડ્ડીના અવસાન બાદથી કોંગ્રેસની લોકપ્રિયતા સતત ઘટી રહી છે. ઉપરાંત તેલંગાણા આંદોલનના કારણે પણ કોંગ્રેસની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. તમામ બાબતોને ધ્યાનમાં લઈને હવે સોનિયા ગાંધી રાહુલ પર વધુ મોટી જવાબદારી નાંખવાની તૈયારીમાં છે. સોંપી દેવામાં આવી છે. પણ ટુંકમાં સત્તાવાર રીતે આની જાહેરાત કરવામાં આવી શકે છે. એઆઈસીસીના સુત્રોએ કહ્યું છે કે રાહુલ પોતે આંધ્રપ્રદેશની બાબતોમાં રસ લેવા લાગી ગયા છે. હાલ તેઓ માહિતી એકત્રિત કરી રહ્યા છે. ગયા સપ્તાહમાં જ રાહુલ ગાંધી પીસીસીના પૂર્વ વડા ડી શ્રીનિવાસને મળ્યા હતા. તેઓ મંગળવારે નવા ચૂંટાયેલા રાજ્યસભાના સભ્ય આર આનંદ ભાસ્કરને પણ મળ્યા હતા.



આંધ્રપ્રદેશમાં પક્ષની સ્થિતીને સુધારવાની દિશામાં આગળ વધતા પહેલા તેઓ તમામ માહિતી એકત્રિત કરી રહ્યા છે. સુત્રોના જણાવ્યા મુજબ છેલ્લા થોડાક મહિનાઓમાં જે રીતે રાજ્યમાં સમીકરણો બદલાઈ રહ્યા છે તે જોતા સોનિયા ગાંધી ચિંતિત બનેલા છે. જગનમોહન રેડ્ડી પરિબળ, તેલંગાણા ગુંચ, પેટાચૂંટણીમાં કોંગ્રેસના નબળા દેખાવ સહિતના પરિબળોથી સોનિયા ગાંધી ચિંતિત છે. સોનિયા ગાંધી નક્કરપણે માને છે કે પક્ષની સ્થિતીને સુધારવા માટે ખુબ આક્રમક પગલા જરૂરી છે.

અમેરિકામાં દૂતાવાસમાં બૉમ્બની સૂચનાથી ચકચાર

વોશિંગ્ટન,તા. ૧૧

અમેરિકામાં ભારતીય દુતાવાસમાં બોંબ હોવાની સુચના મળ્યા બાદ તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. આના કારણે ભારે દહેશત પણ ફેલાઈ ગઈ હતી. આજે સવારે ટેલિફોન પર દુતાવાસના કર્મચારીને કહેવામાં આવ્યું હતું કે સંકુળમાં બોંબ છે. આ સુચના મળ્યા બાદ તરત જ સંકુળ, ચૈસરી અને રાજદુત નિરૂપમા રાવના આવાસને કામચલાઉ ધોરણે ખાલી કરાવીને ઉંડી ચકાસણી કરવામાં આવી હતી. દરમિયાન ચકાસણી કરનાર સુરક્ષા અધિકારીઓને દુતાવાસની નજીક આવેલી ઈમારતમાં એક શંકાસ્પદ વસ્તુ મળી છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે અગાઉ એક ફોન આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે સંબંધિત સંકુળના ટોયલેટમાં બોંબ છે. સુત્રોએ ઓળખ ગુપ્ત રાખવાની શરતે કહ્યું છે કે શંકાસ્પદ વસ્તુ મળી આવી છે. જો કે બિનનુકસાનકારક હોવાનું જાવા મળ્યું છે. દુતાવાસમાં બોંબ ચે તેવો કોલ કરનાર વ્યક્તિએ વોયસ ઓવર ઈન્ટરનેટ પ્રોટોકોલનો ઉપયોગ કર્યો હતો. ફોન કરનાર વ્યક્તિ દક્ષિણ એશિયન મૂળની હોવાની પણ માહિતી મળી છે. બોંબ અંગે માહિતી મળ્યા બાદ ચકાસણી કરવામાં આવી હતી. તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. સુરક્ષા સંસ્થાઓ દ્વારા ફોન કરનાર વ્યક્તિની શોધ હાથ ધરાઈ છે. બોંબ હોવાની માહિતીના મામલે હવે યુએસ સિક્રેટ સર્વિસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. તેનુ કહેવુ છે કે હાલ તપાસ ચાલી રહી છે.

હીના રબ્બાની વિદેશ મંત્રી તરીકે યથાવત્ રહેશે : પાક

ઈસ્લામાબાદ,તા.૧૧

પાકિસ્તાનના ગ્લેમરસ વિદેશ પ્રધાન હીના રબ્બાની ખારની હકાલપટ્ટી કરવામાં આવશે તેવા અહેવાલને પાકિસ્તાને આખરે રદિયો આપી દીધો છે. પાકિસ્તાનમાં વડાપ્રધાન કચેરીએ મીડિયા અહેવાલોને રદિયો આપીને કહ્યું છે કે હીના રબ્બાની ખારની હકાલપટ્ટી કરવાના અહેવાલ બિલકુલ પાયા વગરના છે. હીના રબ્બાની વિદેશ મંત્રી તરીકે પોતાની સેવા યથાવત્ રીતે જારી રાખશે.

એવા અહેવાલ આવ્યા હતા કે રબ્બાનીને એક નવી ટીમની રચનાના ભાગરૂપે દૂર કરવામાં આવશે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે રબ્બાનીએ મીડિયામાં કેટલાક વિરોધાભાષી નિવેદન આપ્યા હતા જેથી સરકાર નારાજ હતી પરંતુ આ અહેવાલમાં કોઈ વાસ્તવિકતા નથી. વડાપ્રધાન યુસુફ રજા ગિલાનીની કચેરી તરફથી મોડી રાત્રે જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે

રબ્બાનીની હકાલપટ્ટીના અહેવાલ બિલકુલ આધાર વગરના છે.

નવી ટીમની રચનાના અહેવાલ પણ પાયા વગરના છે. હકીકતમાં વડાપ્રધાનની નવી ટીમનો મતલબ નવા વિદેશ ચસિવ અને ભારત માટે નવા અધિકારી પસંદ પામેલા સલમાન બરીસ તરીકે છે. વડાપ્રધાન ગિલાનીના પ્રવક્તાએ કહ્યું છે કે હીના રબ્બાની તેમની ફરજ યોગ્ય રીતે અદા કરી રહ્યા છે. રબ્બાની વિદેશ મંત્રાલય ચલાવનાર સૌથી નાનીવયની મહિલા વિદેશ મંત્રી છે. પાકિસ્તાન સહિત ભારતીય મીડિયામાં એવા અહેવાલ આવ્યા હતા કે અમેરિકાના એક રાજદ્વારીની મુલાકાત દરમિયાન પ્રમુખ આસીફ અલી ઝરદારીના વિરોધાભાષી નિવેદન આપવાને લઈને હીના રબ્બાનીને વિદેશ પ્રધાન તરીકે દૂર કરવામાં આવશે. હીના રબ્બાનીને વિદેશ ખાતામાંથી ઘસેડીને કોઈ અન્ય ખાતામાં લઈ જવામાં આવશે. યુસુફ રજા ગિલાની તરફથી આપવામાં આવેલા નિવેદન બાદ અટકળોનો દોર શરૂ થયો હતો. ગિલાનીની ઓફિસ તરફથી જણાવવામાં આવ્યું હતું કે કાશ્મીર જેવા મામલાઓ પર ભારત સાથે નવી ટીમ વાતચીત કરશે.

વેકેશન પહેલાં સ્થાનિક વિમાની ભાડામાં મોટો વધારો

નવી દિલ્હી,તા.૧૧

ઉનાળા વેકેશનની શરૂઆત થઈ રહી છે ત્યારે વધતાં જતાં સ્થાનિક વિમાની ભાડાના કારણે મોટી સંખ્યામાં પ્રવાસની યોજના બનાવી રહેલા લોકોને નવેસરથી ગણતરી કરવાની ફરજ પડી રહી છે. સ્થાનિક વિમાની ભાડામાં છેલ્લા બે મહિનામાં ઉલ્લેખનીય વધારો થયો છે. કિંગફિશર એરલાઈન્સે તેની વિમાનોની સંખ્યામાં ઘટાડો કરી દીધો છે. કટોકટીગ્રસ્ત કિંગફિશરે તેની ક્ષમતા ઘટાડી દેતા હોલી ડેની યોજના બનાવી રહેલા લોકોને પીક ઉનાળાની સિઝન પહેલા તેમની યોજનામાં સુધારો કરવાની ફરજ પડી છે. વિજય માલ્યાની માલિકીની કિંગફિશર એરલાઈન્સે ગયા નવેમ્બર મહિનામાં ૬૪ વિમાનોની સરખામણીમાં હવે વિમાનોની સંખ્યા ઘટાડીને ૧૬ કરી દીધી છે. આ ઉપરાંત કેટલાક સ્થાનક સ્થળો માટેના વિમાની ભાડા દક્ષિણ પૂર્વ એશિયન હોર્ટ સ્પોર્ટ સમાન બની ગયા છે. જેમાં મલેશિયા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે. મલેશિયા અને થાઈલેન્ડમાં મોટાભાગે વધુ ભારતીય પ્રવાસીઓ આકર્ષિત થાય છે. થાઈલેન્ડ જતા એક પ્રવાસીએ કહ્યું છે કે ઉનાળામાં રજા માણવા માટે અમે આયોજન કરી રહ્યા છીએ. અમે થાઈલેન્ડની પસંદગી કરી છે. કારણ કે આ ભાડા પણ એક સમાન જેવા જ થઈ ગયા છે. એડવાન્સમાં બેંકોકની રિટર્ન ટિકિટ કરાવનાર લોકોનું કહેવું છે કે હાલમાં સ્થાનિક પ્રવાસની સરખામણીમાં વિદેશી પ્રવાસ પણ વધારે મોંઘા નથી. અગાઉના ઉનાળાની સિઝનની સરખામણીમાં સ્થાનિક વિમાની ભાડામાં ૩૦થી ૩૫ ટકાનો વધારો થઈ ચૂક્યો છે જેથી યાત્રાની બાબત મુશ્કેલરૂપ બની ગઈ છે.

પ્રવાસીઓ તેમના વેકેશનના ગાળાને ટૂંકાવી રહ્યા છે અથવા તો સસ્તી હોટલો પસંદ કરી રહ્યા છે. લક્ઝરી યાત્રા માટે એડવાન્સ બુકીંગમાં ૧૫ ટકા સુધીનો ઘટાડો થયો છે. ઊંચા વિમાની ભાડાની અસર પણ દેખાઈ રહી છે. દિલ્હી-પોર્ટબ્લેયર ફ્લાઈટની વાત કરવામાં આવે તો એડવાન્સમાં એક મહિના પહેલા બુકીંગ ભાડુ ૯૩૦૦ રૂપિયા હતુ. આવી જ રીતે મુંબઈ-શિલોંગ ફ્લાઈટ ૧૩૮૦૦ જ્યારે દિલ્હી-કોચીનું ભાડું ૭૫૦૦ તથા દિલ્હી-ગોવા ભાડું ૫૧૦૦ જેટલું છે. મેટ્રો રૂટ ઉપર ૧૦ દિવસના એડવાન્સ બુકીંગ કરાવનાર લઘુત્તમ ભાડા પણ ખૂબ જ વધારે છે. દિલ્હી મુંબઈ ભાડુ ૬૮૦૦ જેટલું છે.

ઓરિસ્સા બાન કટોકટી યથાવત્ નવી ટેપ જારી

ભુવનેશ્વર,તા. ૧૧

ઓરિસ્સામાં બાન કટોકટીને ઉકેલવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ હજુ સુધી બાન કટોકટી યથાવત છે. ઈટાલિયન નાગરિક પાઉલોને બાનમાં પકડી રાખનાર માઓવાદીઓ તેમની માંગને પહોંચી વળવા માટે ઓરિસ્સાની સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાની પ્રશંસા કરી છે. બીજી બાજુ ઈટાલિયન નાગરિકની સાથે સાથે બાનમાં રાખવામાં આવેલા બીજેડીના ધારાસભ્ય ઝીણા હિક્કા અંગે કોઈ માહિતી મળી નથી. બન્ને પક્ષો દ્વારા નક્કી કરવામાં આવેલી મંગળવારની સમયમર્યાદા હવે પૂરી થઈ રહી છે. દરમિયાન માઓવાદીઓ કહ્યું છે કે જો ઓરિસ્સા સરકાર નિર્ણયને અમલી બનાવશે તો ઈટાલિયન નાગરિકને છોડી મુકવા માટેનો માર્ગ મોકળો થશે.

શેરબજારમાં કડાકો : ફરીથી ૪૪ પોઈન્ટનો થયેલો ઘટાડો

મુંબઈ,તા.૧૧

શેર બજારમાં આજે ઈન્ડોનેશિયમાં આવેલા વિનાશકારી ભૂંકપની અસર જોવા મળી હતી. કારોબારના અંતે શેરબજાર વિવિઝ પરિબળોના પરિણામ સ્વરૂપે નબળાઈ સાથે બંધ રહેતા રોકાણકારો દિશાહીન રહ્યા હતા. કારોબારના અંતે સેન્સેક્સ ૪૪ પોઈન્ટ ઘટીને ૧૭૧૯૯ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. ભારત સહિત એશિયન પ્રદેશમાં સુનામીની દહેશત આજે જોવા મળી હતી. જેની સીધી અસર શેરબજારમાં પણ જોવા મળી હતી. નિફ્ટીમાં નજીવો ઘટાડો રહ્યો હતો.

ઔદ્યોગિક વિકાસના ંકડા જારી કરવામાં આવે તે પહેલા રોકામકારો સાવધાન થઈ ગયા છે. આ આંકડા આવતીકાલે જારી કરવામાં આવનાર છે. બીજી બાજુ આગામી મંગળવારે તેની વાર્ષિક નાણાંકીય નિતીની પણ જાહેરાત કરનાર છે. જેમાં તે વ્યાજદરમાં ઘટાડો કરે છે કે કેમ તેને લઈને જોરદાર ચર્ચા ચાલી રહી છે. વૈશ્વિક બજારમાં નભવાઈ વચ્ચે એશિયન બજારોમાં મિશ્ર સ્થિતી રહી હતી. યુરોપમાં દેવાની કટોકટીની સ્થિતી ફરી સર્જાઈ ગઈ છે. જેની પ્રતિકુળ અસર બજાર પર થઈ છે. આજે કારોબાર દરમિયાન મેટલ, કન્ઝ્યુમર, રીફાઈનરી અને કેપિટલ ગુડ્સના શેરમાં મંદી રહી હતી.શેરબજારમાં ૧૫૦ પોઈન્ટના ઘટાડા સાથે કારોબારની શરૂઆત થઈ હતી. જો કે અંતે સ્થિતીમાં થોડાક સુધારો થયો હતો. નિફ્ટી ૧૭ પોઈન્ટ ઘટીને ૫૨૨૭ની સપાટીએ રહ્યો હતો. ઈન્ડોનેશિયામાં ધરતીકંપ બાદ શેરબજારમાં એકાએક પ્રોફિટ બુકિંગની સ્થિતી જોવા મળી હતી.આજના કારોબાર દરમિયાન જે શેરમોમાં મોટો કડાકો બોલી ગયો હતો. શેરબજારમાં હાલની સ્થિતીથી રોકાણકારો પણ ચિંતિત બનેલા છે. શેરબજારમાં એવી આશા પ્રવર્તી રહી છે કે આરબીઆઈ તેની નાણાંકીય નિતી સમીક્ષામાં ચાવીરૂપ વ્યાજ દરમાં આ વખતે ઘટાડો કરશે. વ્યાજદર ઘટવાની સ્થિતીમાં લોન સસ્તી થઈ શકે છે. જેથી તેની તમામ પર અસર થશે. ગયા વર્ષે આરબીઆઈએ ફુગાવાને અંકુશમાં લેવા માટે રેટમાં ૧૩ વખત વધારો કર્યો હતો પરંતુ આ વખતે રેટમાં ઘટાડો કરવાનો સિલસિલો શરૂ થાય તેવી વકી છે.

બ્રિટન પર હુમલા કરવાની અલ કાયદાએ ધમકી આપી

દુબઈ,તા. ૧૧

વિશ્વભરમાં ભારે આતંક મચાવનાર ત્રાસવાદી સંગઠન અલ કાયદાએ બ્રિટન પર મોટા હુમલા કરવાની સીધી ધમકી આપી છે. અલ કાયદાએ ચેતવણી આપતા કહ્યું છે કે જો બ્રિટન કટ્ટરપંથી ઈસ્લામી લીડર અબુ કતાદા અને અન્યોને પ્રત્યાર્પણ કરીને જોર્ડન મોકલી દેશે તો ખતરનાક પરિણામ આવશે. આના માટે તેને ખતરનાક પરિણામ ભોગવવા પડશે. હુમલાની ચેતવણી આપવામાં આવ્યા બાદ તેમા પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અબુને થોડાક સમય પહેલા જ પાકિસ્તાનમાં અમેરિકાના ઓપરેશન દરમિયાન માર્યા ગયેલા ઓસામા બિન લાદેનના નજીકના સાગરીત તરીકે ગણવામાં આવે છે. અલ કાયદાના જનરલ કમાન્ડના હસ્તાક્ષર સાથે આ નિવેદન જારી કરવામાં આવ્યું છે. જેમાં હુમલા કરવાની ચેતવણી આપવામાં આવી છે. આમાં સંગઠને કહ્યું છે કે અબુ કતાદાના પ્રત્યાર્પણ મામલે અમે બ્રિટન સરકારને ચેતવણી આપી રહ્યા છીએ. અબુ જોર્ડનમાં પણ કેટલાક આરોપોનો સામનો કરી રહ્યો છે. બ્રિટન કટ્ટરપંથી ધાર્મિક લીડરને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરા સમાન ગણે છે. અબુ કતાદા છેલ્લા છ વર્ષથી બ્રિટનની જેલમાં હવા ખાઈ રહ્યો હતો. અબુને ૧૩મી એપ્રિલઆરીના દિવસે પેરોલ પર છોડી દેવામાં આવ્યો હતો.